ગુજ. રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદ માન્ય
સંસ્થા-મંડળીઓ તરફથી ઉત્પાદિત ચીજ વસ્તુઓ
વગર ટેન્ડરે ખરીદવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
**ઠરાવ ક્રમાંક : એસટીવાય/૧૦૨૦૧૩/૭૫૫/૪૨૭૦૬૦/ખ.૧**
સચિવાલય,ગાંધીનગર,
તા.૦૨ /૦૩/૨૦૧૫

<u>વંચાણે લીધા :-</u>

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૯૫/૨૬૩૬(૯૭)ચ
૨. ગુજ.રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદ તા.૩/૦૧/૨૦૧૫, તા.૧૦/૦૧/૨૦૧૫, તા.૨૮/૦૨/૨૦૧૫ અને તા.૨/૦૨/૨૦૧૫ના પત્ર જા.નં.ગ્રામો/વગર ટેન્ડર/ ૨૦૧૪-૧૫/ ૦૨/૧૩, અને ૭૪/૩૨૦.

<u>આમુખઃ-</u>

વંચાણે લીધા ક્રમાંક(૧)માં જણાવેલ આ વિભાગના તા.૨૩/૯/૧૯૯૭ના અને ત્યારબાદના વખતો વખતના ઠરાવોથી રાજ્યની સરકારી કચેરીઓ, બોર્ડ, નિગમ માટેની ખરીદ-નીતિ-૧૯૯૭ અમલમાં છે.આ ઠરાવના ફકરા-૮ માં સરકારી સંસ્થાઓ અને સરકાર માન્ય સંસ્થાઓને કક્ષા-અ અને કક્ષા - બ માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.જેમાં કક્ષા-બ માં ક્રમાંકઃ ૧ અન્વયે ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ અને કે.વી.આઇ.સી. દ્વારા માન્ય હોય અને તેઓ જાતે ઉત્પાદન કરતી હોય તેવી,ચીજ વસ્તુઓની ખરીદી માટે આ વિભાગ દ્વારા માન્ય કરવામાં આવે છે. કક્ષા- અ અને કક્ષા-બ હેઠળ માન્ય સંસ્થાઓ પાસેથી ઠરાવમાં જણાવેલ નાણાકીય મર્યાદામાં અને દર્શાવેલ પદ્ધતિ મુજબ ખરીદી કરી શકાય છે. પ્રવર્તમાન જોગવાઇ મુજબ કક્ષા- અ માં જણાવેલ સંસ્થાઓ પાસેથી ભાવપત્રક મેળવ્યા સિવાય અને કક્ષા-બ ની સરકારે માન્ય કરેલ સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા ત્રણ કવોટેશન મેળવીને વાર્ષિક ધોરણે રૂ ૪૦૦૦૦ સુધીની ખરીદી કરી શકાય છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદી શકાય તે માટેની માન્ય સંસ્થાઓની મુદત તા.૩૧.૧૨.૨૦૧૪ ના રોજ પુર્ણ થયેલ છે, જેથી તા.૩૧/૧૨/૨૦૧૪ પછીની યાદી માટે સંસ્થાઓની માંગણી આવતા તેની ચકાસણી કરાવતા મુદત વીતી લેણી રકમ બાકી નથી,સંસ્થાઓ સામે કોઇ ગંભીર ફરીયાદ નથી,અને માગેલ ઉદ્યોગો માટે સંસ્થાઓનું પોતાનુ ઉત્પાદન છે તેવી કુલ-૪૨(બેતાલીસ)સંસ્થાઓને વગર ટેન્ડરની યાદીમાં સમાવેશ કરવા તેઓએ તેમના સંદર્ભ(૨)ના પત્રોથી કરેલ દરખાસ્ત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.બોર્ડે ભલામણ કરેલ સંસ્થાઓમાંથી કુલ ૬(છ) સંસ્થાઓ સામે તપાસ ચાલુ હોઇ બાકીની ૩૬(છત્રીસ)સંસ્થાઓની દરખાસ્તની ચકાસણી રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

<u>ઠરાવઃ-</u>

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ તરફથી મળેલ દરખાસ્તો પર જરૂરી વિચારણા બાદપુખ્ત વિચારણાના અંતે આ સાથેની યાદી મુજબની કુલ-૩૬(છત્રીસ) સંસ્થાઓ/મંડળીઓને તેઓના નામ સામે જણાવેલ સંસ્થાઓ દ્વારા

ઉત્પાદિત ચીજ–વસ્તુઓની ખરીદી માટે જ આ ઠરાવ બહાર પાડયાની તારીખથી તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીની મુદત માટે નીચેની શરતોને આધીન રહીને વિના ટેન્ડરે ખરીદ કરવાની માન્યતા આપવામાં આવે છે.

(૧) આ સંસ્થાઓ પાસેથી કરવામાં આવનારી ખરીદી માટેની પધ્ધતિ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ/૧૦૯૫/૨૬૩૬(૯૭)ચ થી બહાર પાડવામાં આવેલ ખરીદ નીતિના ફકરા-૮ માં જણાવ્યા મુજબની નાણાકીય મર્યાદા અને કાર્યપધ્ધતિની રહેશે.

(૨) આ ઠરાવ અન્વયે માન્યતા ધરાવતી સંસ્થાઓને જે ચીજ વસ્તુઓ માટેના વેચાણ માટે માન્ય કરવામાં આવની હોય તેવી ચીજ વસ્તુઓ તેઓ દ્વારા ઉત્પાદન થતી હોય તેનું જ વેચાણ કરી શકાશે એટલે કે બહારથી ઉત્પાદિત થયેલ ચીજ વસ્તુઓનું વેચાણ આ ઠરાવના હેતુઓ માટે માન્ય ગણાશે નહિ.

(૩) માન્યતા ધરાવતી સંસ્થાઓ આ હેતુ માટેની સ્થાયી સમિતિ દ્વારા ગમે ત્યારે ઓચિંતુ નિરીક્ષણ કરવામાં આવશે.

(૪) ગુજરાત રાજય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા આવી સંસ્થાઓની માન્યતા વધુ સમય માટે ચાલુ રાખવા માટેની ભલામણ સહિતની દરખાસ્ત તા.૩૧/૧૨/૨૦૧૫ પહેલાં રાજય સરકારમાં કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એસ.પ્રજાપતિ)
સંયુકત સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

બિડાણઃ– કુલ ૩૬ (છત્રીસ) માન્ય સંસ્થા–મંડળીઓની યાદી

પ્રતિ,

૧. માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
૩. માનનીય મંત્રીશ્રી(કુ.ઉ.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
૪. માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
૫. કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન, ગાંધીનગર.
૬. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
૭. અંગત સચિવશ્રી, માન. વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય,વિધાનસભા, ગાંધીનગર.
૮. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.(પત્રથી)
૯. સચિવાલયના સર્વે વિભાગો, તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ/નિગમોને જાણ કરવા સારું
૧૦. સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, જુના વાડજ, અમદાવાદ.
૧૧. સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
૧૨. રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
૧૩. સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
૧૪. લોકાયુકતની કચેરી, ગાંધીનગર.
૧૫. રાજય ચુંટણી પંચ, ગાંધીનગર.
૧૬. એકાઉન્ટન્ટ જનરલ (હિસાબી અને હકદારી) ગુજરાત રાજય, રાજકોટ.
૧૭. એ.જી. ઓડીટ-૧, ગુજરાત બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ.
૧૮. હિસાબ અને તિજોરી અધિકારી, અમદાવાદ.
૧૯. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ-ગાંધીનગર.
૨૦. ઉદ્યોગ અને ખાણ વિભાગની તમામ શાખાઓ.
૨૧. આઇ.ટી.શાખા, ઉ.ખા.વિ.( વેબ સાઇટ પર મુકવા સારુ)
૨૨. પસંદગી ફાઇલ.

ગુજ. રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદ માન્ય સંસ્થા-મંડળીઓ તરફથી ઉત્પાદિત ચીજ વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદવા બાબત.

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

**ઠરાવ ક્રમાંક : એસટીવાય/૧૦૨૦૧૩/૭૫૫/૪૨૭૦૬૦/ખ.૧**

સચિવાલય,ગાંધીનગર,

તા. ૧ /૦૬ /૨૦૧૫

ગુ. રા. ખા. ગ્રા. બો. આવક નં. ૪૪૦૯ તારીખ 6/6/15 શાખા ०७/...

1 JUN 2015

<u>વંચાણે લીધા</u> :-

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૯૫/૨૬૩૬(૯૭)ચ

૨. ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨/૩/૨૦૧૫ના સરખાક્રમાંકનો ઠરાવ.

૩. ગુજ.રા.ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદના તા.૩/૧/૨૦૧૫,તા.૭/૩/૨૦૧૫ અને તા.૨૦/૩/૨૦૧૫ના પત્ર જા.નં.ગ્રામો/વગર ટેન્ડર/૨૦૧૪-૧૫/૦૨/૧૩,૬૬૮ અને ૨૩૬/૭૪૯

<u>આમુખઃ-</u>

વંચાણે લીધા ક્રમાંક(૧)માં જણાવેલ આ વિભાગના તા.૨૩/૯/૧૯૯૭ના અને ત્યારબાદના વખતો વખતના ઠરાવોથી રાજ્યની સરકારી કચેરીઓ,બોર્ડ,નિગમ માટેની ખરીદ-નીતિ-૧૯૯૭ અમલમાં છે.આ ઠરાવના ફકરા-૮ માં સરકારી સંસ્થાઓ અને સરકાર માન્ય સંસ્થાઓને કક્ષા-અ અને કક્ષા - બ માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.જેમાં કક્ષા-બ માં ક્રમાંકઃ ૧ અન્વયે ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ અને કે.વી.આઈ.સી. દ્વારા માન્ય હોય અને તેઓ જાતે ઉત્પાદન કરતી હોય તેવી ચીજ વસ્તુઓની ખરીદી માટે આ વિભાગ દ્વારા માન્ય કરવામાં આવે છે. કક્ષા- અ અને કક્ષા-બ હેઠળ માન્ય સંસ્થાઓ પાસેથી ઠરાવમાં જણાવેલ નાણાકીય મર્યાદામાં અને દર્શાવેલ પદ્ધતિ મુજબ ખરીદી કરી શકાય છે. પ્રવર્તમાન જોગવાઇ મુજબ કક્ષા- અ માં જણાવેલ સંસ્થાઓ પાસેથી ભાવપત્રક મેળવ્યા સિવાય અને કક્ષા-બ ની સરકારે માન્ય કરેલ સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા ત્રણ કવોટેશન મેળવીને વાર્ષિક ધોરણે રૂ ૪૦૦૦૦ સુધીની ખરીદી કરી શકાય છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદી શકાય તે માટેની માન્ય સંસ્થાઓની મુદત તા.૩૧.૧૨.૨૦૧૪ ના રોજ પુર્ણ થતાં વંચાણે લીધા ક્રમાંક(૨)માં જણાવેલ આ વિભાગના ઠરાવથી કુલ-૩૬(છત્રીસ) સંસ્થાઓ/મંડળીઓને તેઓના નામ સામે જણાવેલ તેમના જ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓની ખરીદી માટે જ આ ઠરાવ બહાર પાડયાની **તારીખથી તા.૩૧/૦૩/૨૦૧૬** સુધીની મુદત માટે શરતોને આધીન રહીને વિના ટેન્ડરે ખરીદ કરવાની માન્યતા આપવામાં આવેલ છે.

વંચાણે લીધા ક્રમાંક(૩)ના પત્રોથી ખાદી બોર્ડે કરેલ દરખાસ્ત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડે દ્વારા ભલામણ કરેલ માન્ય સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદી શકાય તે માટે કેટલીક વધુ માન્ય સંસ્થાઓની નવી મુદત માટે દરખાસ્ત થતાં/સંસ્થાઓની માંગણી આવતા તેની ચકાસણી કરાવતાં મુદત વીતી;લેણી રકમ બાકી નથી, સંસ્થાઓ સામે કોઇ ગંભીર ફરીયાદ નથી, અને માગેલ ઉદ્યોગો માટે સંસ્થાઓનું પોતાનુ ઉત્પાદન છે તેવી બીજી કુલ- ૧૧ (અગિયાર) સંસ્થાઓનો વગર ટેન્ડરની યાદીમાં સમાવેશ કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ તરફથી મળેલ દરખાસ્તો પર જરૂરી વિચારણા બાદ પુખ્ત વિચારણાના અંતે કુલ(૬+૪+૧)-૧૧(અગિયાર)સંસ્થાઓ/મંડળીઓને તેઓના નામ સામે જણાવેલ તેઓ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓની ખરીદી માટે જ આ ઠરાવ બહાર પાડયાની <u>તારીખથી **૧ (એક) વર્ષ સુધી** અથવા **નવો ઠરાવ બહાર ન પડે ત્યાં સુધી** અથવા તા.૩૧/૦૫/૨૦૧૬ એ બે માંથી જે **વહેલુ હોય ત્યાં** સુધીની મુદત માટે</u> નીચેની શરતોને આધીન રહીને વિના ટેન્ડરે ખરીદ કરવાની માન્યતા આપવામાં આવે છે.

(૧) આ સંસ્થાઓ પાસેથી કરવામાં આવનારી ખરીદી માટેની પધ્ધતિ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૯૫/૨૬૩૬(૯૭)ચ થી બહાર પાડવામાં આવેલ ખરીદ નીતિના ફકરા-૮ માં જણાવ્યા મુજબની નાણાકીય મર્યાદા અને કાર્યપધ્ધતિની રહેશે.

(૨) આ ઠરાવ અન્વયે માન્યતા ધરાવતી સંસ્થાઓને જે ચીજ વસ્તુઓ માટેના વેચાણ માટે માન્ય કરવામાં આવતી હોય તેવી ચીજ વસ્તુઓ તેઓ દ્વારા ઉત્પાદન થતી હોય તેનું જ વેચાણ કરી શકાશે એટલે કે બહારથી ઉત્પાદિત થયેલ ચીજ વસ્તુઓનું વેચાણ આ ઠરાવના હેતુઓ માટે માન્ય ગણાશે નહિ.

(૩) માન્યતા ધરાવતી સંસ્થાઓ આ હેતુ માટેની સ્થાયી સમિતિ દ્વારા ગમે ત્યારે ઓચિંતુ નિરીક્ષણ કરવામાં આવશે.

(૪) ગુજરાત રાજય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા આવી સંસ્થાઓની માન્યતા વધુ સમય માટે ચાલુ રાખવા માટેની ભલામણ સહિતની દરખાસ્ત <u>**તા.૩૧/૧૨/૨૦૧૫ પહેલાં**</u> રાજય સરકારમાં કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એસ.પ્રજાપતિ)
સંયુકત સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

**બિડાણ:-** કુલ : ૧૧ (અગિયાર) માન્ય સંસ્થા-મંડળીઓની યાદી

<u>**પ્રતિ,**</u>

૧. માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. **(પત્રથી)**
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
૩ માનનીય મંત્રીશ્રી(કુ.ઉ.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
૪ માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
૫ કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન, ગાંધીનગર.
૬ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

૭ અંગત સચિવશ્રી, માન. વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય,વિધાનસભા, ગાંધીનગર.
૮ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.(પત્રથી)
૯ સચિવાલયના સર્વે વિભાગો, તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ/નિગમોને જાણ કરવા સારું
૧૦ સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, જુના વાડજ, અમદાવાદ.
૧૧ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ,ગાંધીનગર.
૧૨ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
૧૩ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
૧૪ લોકાયુકતની કચેરી, ગાંધીનગર.
૧૫ રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગર.
૧૬ એકાઉન્ટન્ટ જનરલ (હિસાબી અને હકદારી) ગુજરાત રાજ્ય, રાજકોટ.
૧૭ એ.જી. ઓડીટ-૧, ગુજરાત બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ.
૧૮ હિસાબ અને તિજોરી અધિકારી, અમદાવાદ.-
૧૯ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ-ગાંધીનગર.
૨૦ ઉદ્યોગ અને ખાણ વિભાગની તમામ શાખાઓ.
૨૧ આઈ.ટી.શાખા, ઉ.ખા.વિ.( વેબ સાઈટ પર મુકવા સારુ)
૨૨ પસંદગી ફાઈલ.